# CIMS Cancer Care

Volume-3 | Issue-26 | June 25, 2021

Price : ₹ 5/-




## કેન્સરના
## દર્દીઓ
## માટે
## કોરોના વેકસીન

# કેન્સરના દર્દીઓ માટે કોરોના વેકસીન



**પ્રશ્ન ૧ :**
**મેં કેન્સરને મ્હાત આપી છે અને અત્યારે હું કોઈ સારવાર લઈ રહ્યો નથી,શું હું રસી લઈ શકું ?**

**જવાબ : હા**



## શું હું રસી લઈ શકું ?

**પ્રશ્ન ૨ :**
**નવા નિદાન થયેલા કેન્સરના દર્દીઓએ રસી કયારે લેવી જોઈએ ?**

**જવાબ :**
આદર્શરૂપ સારવાર શરૂ કર્યા પહેલાં રસી લેવી જોઈએ કારણ કે કેન્સરની સારવાર લેવાથી દર્દી પર વેકિસનનો રોગ પ્રતિકારક પ્રતિભાવ ક્ષતિગ્રસ્ત થઈ શકે છે. જો સંજોગો અનુકૂળ હોય તો આદર્શ રીતે સારવાર ના ૨ અઠ્વાડિયા પહેલા દર્દીએ રસી લેવી જોઈએ.



CIMS
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices



**પ્રશ્ન ૩ :**
**મેં હમણાં જ કેન્સરની સારવાર લીધી છે , શું હું રસી લઇ શકું ?**

**જવાબ : હા,**
**જો સારવાર બાદ તમારા શ્વેતકણો (WBC) પૂરતા પ્રમાણમાં હોય તો રસી લઈ શકાય.**

**પ્રશ્ન ૪ :**
**મેં કેન્સર હોવાથી સર્જરી કરાવી છે, શું હું રસી લઇ શકું ?**
**જવાબ :**
- મોટાભાગે કેન્સરની સર્જરી ના ૧૫ દિવસ બાદ રસી લઈ શકાય છે.
- રસી લીધાના ૨૪-૪૮ કલાક દરમિયાન તાવ આવવાની શકયતા હોવાથી, એ અત્યંત જરૂરી છે કે આયોજિત સર્જરીના થોડા દિવસ અગાઉ રસી લેવામાં ના આવે કેમકે તાવ જો આવે તો સર્જરી ને રદ કરવી પડી શકે છે.
- જે લોકો સ્પ્લેનેકટોમી (બરોડ કઢાવવાની સર્જરી) કરાવી રહ્યા છે, તેમણે રસીનો પહેલો ડોઝ શકય હોય તો સર્જરીના ઓછામાં ઓછા ૨ અઠવાડિયા અથવા વધારે સમય અગાઉ લઈ લેવો જોઈએ.

**પ્રશ્ન ૫ :**
**હું રેડિયોથેરાપીની સારવાર લઇ રહ્યો છું , શું હું રસી લઇ શકું ?**
**જવાબ :**
મોટા ભાગના દર્દીઓ જે રેડિયેશન સારવાર લઈ રહ્યા છે તેઓ રસી લઇ શકે છે અને તેના માટે રેડિયેશન સારવારમાં કોઈ વિક્ષેપની જરૂર નથી.



## શું હું રસી લઈ શકું ?

**પ્રશ્ન ૬ :**
**હું સ્તન કેન્સરની દર્દી છું,**
**શું મારે કોઈ સાવધાની રાખવાની જરૂર છે ?**

જવાબ : એવા દર્દીઓ કે જેમણે ખભાની નીચે આવેલી લસિકા ગાંઠ (લિમ્ફ નોડ) દૂર કરવા સર્જરી કરાવેલી હોય, જેમાં ઘણા સ્તન કેન્સરના દર્દીઓનો પણ સમાવેશ થાય છે, તેઓએ વેકસીન વિરૂદ્ધ ખભા પર લેવી જોઈએ, કોવિડ-૧૯ રસી લીધે લિમ્ફનોડ (લસિકા) પર સોજો આવી શકે છે. જો રસી એજ ખભા પર લેવામાં આવે તો લિમ્ફડેમાં વધુ તીવ્ર બની શકે છે.

**પ્રશ્ન ૭ :**
**હું કીમોથેરાપી સારવાર લઈ રહ્યો છું , શું હું રસી લઈ શકું ?**

જવાબ : હા
તમારે કિમોથેરાપી વિશેષજ્ઞ સાથે રસીના સમય અંગે ચર્ચા કરવી જોઈએ.
રસી લેવા માટે એવા સમયની પસંદગી કરવી જોઈએ જ્યારે તમારા શ્વેતકણો અપેક્ષિત રીતે નીચા ગયા ન હોય.

**પ્રશ્ન ૮ :**
**કેન્સરની સારવાર માટે હું સ્ટીરોઈડ દવા લઈ રહ્યો છું ,**
**શું હું રસી લઈ શકું ?**

જવાબ : હા
કોર્ટિકોસ્ટીરોઈડ દવા કોવિડ -૧૯ રસી ની અસરને ઘટાડી શકે છે. જો તમારે કેન્સર સારવારના ભાગરૂપે કોર્ટિકોસ્ટીરોઈડ દવા લેવી જરૂરી છે તો તમારે તમારા કેન્સર વિશેષજ્ઞ સાથે રસી ના સમય અંગે ચર્ચા કરવી જોઈએ.

**પ્રશ્ન ૯ :**
**હું કેન્સરની હોર્મોનલ થેરાપી લઈ રહ્યો છું , શું હું રસી લઈ શકું ?**

જવાબ : હા, કેન્સરની એન્ડોક્રાઈન અથવા હોર્મોનલ સારવાર ટેમોક્સિફેન, એરોમેટીસ અવરોધકો, એલએચઆરએચ એનાલોગ્સ અને એન્ટી-એન્ડ્રોજન્સ વગેરે વેકસીનની સલામતી અને અસરને બદલતી નથી.

**પ્રશ્ન ૧૦ :**
**હું કેન્સરની ઈમ્યુનોથેરાપી લઈ રહ્યો છું ,**
**શું હું રસી લઈ શકું ?**

જવાબ :
મોટા ભાગના દર્દીઓ જે કેન્સર માટે ઈમ્યુનોથેરાપી લઈ રહયા છે તેઓ વેક્સિન લઈ શકે અને ઈમ્યુનોથેરાપીને પણ રોકવાની જરૂર નથી .

**પ્રશ્ન ૧૧ :**
**મેં બોન મેરો ટ્રાંસપ્લાંન્ટ કરાવ્યું છે,**
**શું હું રસી લઈ શકું ?**

જવાબ : હા ,
પણ ૩-૬ મહિનાની રાહ જોવી જરૂરી છે. તમારા કેન્સર વિશેષજ્ઞ ની સલાહ લેવી અનિવાર્ય છે.



## શું હું રસી લઈ શકું ?

CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices

**પ્રશ્ન ૧૨ :**
**હું કિમોથેરાપી લઈ રહયો છું અને મારા પ્લેટલેટ કાઉન્ટ ઓછા છે , શું હું રસી લઈ શકું ?**

**જવાબ : ના,**
**પ્લેટલેટ રિકવરી થાય પછી તમારે તમારા કિમોથેરાપી વિશેષજ્ઞ સાથે રસી ના સમય અંગે ચર્ચા કરવી જોઈએ.**

**પ્રશ્ન ૧૩ :**
**મેં લ્યુકેમિયાની સારવાર લીધી છે, શું હું રસી લઈ શકું ?**

**જવાબ : હા ,**
**સારવાર પૂર્ણ થયા બાદ તમારા કેન્સર વિશેષજ્ઞની સલાહ લેવી જરૂરી છે. ન્યુટ્રોફિલ રિકવરી આવે ત્યાં સુધી રાહ જુઓ.**

**પ્રશ્ન ૧૪ :**
**શું મને રસી ની કોઈ આડઅસર થઇ શકે ?**

**જવાબ :**
**અમુક લોકોને તાવ આવી શકે છે અને રસી લીધેલી જગ્યાએ પીડા થઇ શકે છે . તમે તમારી આવશ્યકતા મુજબ પેરાસીટામોલ લઈ શકો છો.**

**પ્રશ્ન ૧૫ :**
**કેન્સરની સારવાર અર્થે હું મારા જન્મસ્થળ પર નથી, શું હું જયાં છું ત્યાંથી રસી લઇ શકું?**

**જવાબ : હા,**
**તેમાં કોઈ સમસ્યા નથી.**

**પ્રશ્ન ૧૬ :**
**હું કેન્સરનો દર્દી છું અને મેં રસી લીધી છે , તો પણ મારે માસ્ક પહેરવું જોઈએ ?**

**જવાબ : હા,**
**સ્વચ્છતા,**
**માસ્ક અને**
**સામાજિક સ્તરે અન્ય લોકોથી દૂરી બનાવી રાખવી અનિવાર્ય છે**




## સિમ્સ હોસ્પિટલ

**ઈમિનન્ટ રીસર્ચ હેલ્થકેર લીડરશીપ એવોર્ડ ૨૦૨૧ માં બેસ્ટ મલ્ટિ-સ્પેશ્યાલીટી હોસ્પિટલ, ભારત**

અમે આ પુરસ્કારને અમારા દર્દીઓના વિશ્વાસ અને અમારા સિમ્સ પરિવારને નિ:સ્વાર્થ ભાવને સમર્પિત કરીએ છીએ.

# મ્યુકોરમાઈકોસીસ ના લક્ષણો, નિવારણ, સારવાર તથા પરીક્ષણો વિશે જાણો

## મ્યુકોરમાઈકોસીસ એટલે શું?

મ્યુકોર્માઇકોસિસ એ એક પ્રકારનું ફંગલ ઇન્ફેક્શન છે, જે હાલમાં ભારતમાં કોવિડ -૧૯ દર્દીઓમાં જોવા મળે છે.

**"બ્લેક ફૂગ" તરીકે જાણીતું છે.**

તે સામાન્ય રીતે સાઇનસ, અનુનાસિક (નસલ) મ્યુકોસા, મૌખિક મ્યુકોસા, ઉપલા જડબા, આંખો અને ફેફસાને અસર કરે છે. મ્યુકોરમાઇકોસીસ એ કોવિડ સમયમાં સૌથી જીવલેણ ચેપ છે.

## આ લક્ષણો પર ધ્યાન આપવું

**અનુનાસિક (નાકમાંથી) :**

નાકમાં ભરાવો થવો, કાળા રંગનો સ્ત્રાવ થવો, નાકમાંથી લોહીનો, સ્ત્રાવ થવો

**મૌખિક :**

દાંત ઢીલા થવા, દાંતમાં દુખાવો થવો, પેઢામાંથી પરુ આવવું, મૌખિક પોલાણમાં, કાળો રંગ થઇ જવો

**ઓર્બિટ આઇ :**

આંખની કીકીમાં સોજો આવવો, દ્રષ્ટિમાં સમસ્યા થવી, આંખ ખોલવામાં, અસમર્થતા થવી, આંખની કીકીને, હલચલમાં મુશ્કેલી થવી

## મ્યુકોરમાઈકોસીસ નું નિવારણ

જો તમને કોવિડ થયો છે અને તે ખૂબ જ સંવેદનશીલ જૂથ (ઇમ્યુનોકોમપ્રોમિસાઇડ) માં આવે છે અને તમે સ્ટીરોઇડ થેરેપી / ઇમ્યુનોમોડ્યુલેશન લીધું છે તો,

- સુગર પર કડક નિયંત્રણ રાખો /સ્વચ્છતા જાળવો.
- પ્રારંભિક લક્ષણો માટે સજાગ રહો.
- ડોક્ટરનો સંપર્ક કરો.
- શ્રેષ્ઠ પરિણામ માટે પ્રારંભિક તપાસ કરવો.

## મ્યુકોરમાઈકોસીસની સારવાર

મ્યુકોરમાઇકોસીસ એ એક જીવલેણ રોગ છે જેનો મૃત્યુ દર વધારે છે. જો વહેલી તકે નિદાન કરવામાં આવે તો તેની સફળતાપૂર્વક સારવાર કરી શકાય છે.

**સર્જિકલ ડિબ્રીડમેન્ટ :**

- જો તે નાક/સાઇનસ સુધી મર્યાદિત હોય તો એન્ડોસ્કોપિક સાઈનસ સર્જરી કરી શકાય છે.
- જો મૌખિક પોલાણ/ઉપલા જડબામાં આક્રમણ કરે છે, તો પછી ઓપન સર્જરી/નરમ પેશીઓ અને સ્નાયુઓની શસ્ત્રક્રિયા / મેક્સિલેક્ટોમી / એલ્વિઓલેક્ટોમી.
- જો આંખમાં થાય તો, આંખમાં ડિબ્રીડમેન્ટ અને ઇન્જેક્શન આપી શકાય છે.જો આંખમાં થાય તો, આંખમાં ડિબ્રીડમેન્ટ અને ઇન્જેક્શન આપી શકાય છે. જો દ્રષ્ટિ નહીં હોય, તો પછી ઓર્બિટલ એક્સેન્ટેરેશન કરવામાં આવે છે.

**દવાઓ :**

એમ્ફોટોરીસિન બી, સેવ્યુકોનાઝોલ, પોસકોનાઝોલ

## નિદાન માટે કરવામાં આવતા પરીક્ષણો

વધુ સ્પષ્ટતા માટે શંકાસ્પદ દર્દી પર વિવિધ પરીક્ષણો કરવા જરૂરી છે

- નેઝલ બાયોપ્સી અને એન્ડોસ્કોપી
- ઓરલ સ્વેબ - મ્યુકોસાથી ટીસ્યુ બાયોપ્સી
- સીટી/એમઆરઆઈ - વિરોધાભાસ, પીએનએસ, ઓર્બિટ, મગજને લગતું
- બ્લડ ટેસ્ટ, સુગર (આરબીએસ), રીનલ ફંક્શન ટેસ્ટ
- ઇએનટી / મેક્શિલોફેસિયલ સર્જન/ચેપી રોગના વિશેષજ્ઞનો અભિપ્રાય

**સીમ્સ મ્યુકોર ક્લિનિક**

સાવધાન રહો. સુરક્ષિત રહો.

**સૌથી મોટી સારવાર ટીમમાંની એક સીમ્સ હોસ્પિટલમાં**

**મલ્ટી ડિસીપ્લીનરી વિશેષજ્ઞ ટીમ**

**ઇએનટી સર્જન I મેક્શિલોફેસિયલ સર્જન I ઇન્ફેક્શીયસ ડીસીઝ સ્પેશિયાલિસ્ટ I ઇન્ટેન્સિવિટસ I પલ્મોનોલોજીસ્ટ I ફિઝીશિયન I નેફ્રોલોજીસ્ટ એન્ડોક્રાઇનોલોજીસ્ટ I ઓક્યુલોપ્લાસ્ટીક સર્જન I ન્યુરો સર્જન I રુમેટોલોજીસ્ટ I રેડિયોલોજીસ્ટ I હિસ્ટોપેથોલોજીસ્ટ I માઇક્રોબાયોલોજીસ્ટ**

CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices

## શું તમારા બાળક ને કોવિડ-૧૯ નાં લક્ષણો જોવા મળી રહ્યા છે ?



**તાવ**

શરદી

ઝાડા

**ઉલટી**

**વર્તનમાં ફેરફાર**

(જેમકે રડવું, ઉદાસ થવું)

### ચિંતા કરશો નહિ

**મધ્યમ અથવા હળવા લક્ષણોવાળા મોટાભાગના કોવિડ-૧૯ ચેપગ્રસ્ત બાળકોને ફક્ત સહાયક સંભાળ થી સંચાલિત કરી શકાય છે.**

**તમારા બાળકની સંભાળ માટે - સિમ્સ ના નિષ્ણાંત ડૉક્ટરો નક્કી કરશે**

ઘરે સારવાર કરી શકાય

મુલાકાત માટે આવવું જોઈએ

**અપોઈન્ટમેન્ટ માટે ફોન કરો**

**રૂબરૂ મળવા : +91-79- 4805 1008 (10:30 am to 12:30 pm)**

**ટેલી કન્સલટેશન માટે : +91 70690 49567 (04:30 pm to 06:30 pm)**

## સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ




**ઉત્તરાખંડથી વિમાનમાં લવાયેલા મુંબઈના પુરૂષે સિમ્સમાં ૫૫ દિવસની સારવાર પછી કોવિડને મ્હાત કર્યો**

ચંદ્રકાંત પટેલ અને તેમના પરિવાર સાથે નૈનિતાલમાં રજા ગાળવા ગયા હતા ત્યારે તે અચાનક બિમાર પડતા તેમણે કોવિડ-૧૯ નો ટેસ્ટ કરાવતા પોઝિટીવ આવ્યો હતો.




**અમદાવાદમાં મોનોક્લોનલ એન્ટીબોડીઝ કોકટેઈલ થેરાપી**

સિમ્સ હોસ્પિટલે કોવિડ-૧૯ની સારવારમાં મોનોક્લોનલ એન્ટીબોડીઝ કોકટેઈલ થેરાપીનો ઉપયોગ કર્યો હતો. સિમ્સ હોસ્પિટલ અમદાવાદમાં આ પ્રકારની થેરાપીનો ઉપયોગ કરનાર પ્રથમ હોસ્પિટલ્સમાં સમાવેશ થયો છે.

**CIMS Cancer Care Registered under RNI No. GUJBIL/2017/75574**

**Published on 25th of every month**

**Permitted to post at PSO, Ahmedabad-380002 on the 26th to 30th of every month under**

**Postal Registration No. AHD-C/100/2019-2022 issued by SSP Ahmedabad valid upto 31st December, 2022**

**If undelivered Please Return to :**

CIMS Hospital, Nr. Shukan Mall,

Off Science City Road, Sola, Ahmedabad-380060.

Ph. : +91-79-2771 2771-72

Fax: +91-79-2771 2770

Mobile : +91-98250 66664, 98250 66668

**Subscribe "CIMS Cancer Care" :** Get your "CIMS Cancer Care", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-4805 2823. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

# કોવિડ પછી થતી સમસ્યાઓ

**જ્યારે ભારત દેશ કોવિડની બીજી ઘાતક લહેરનો સામનો કરી રહ્યું છે , ઘણા દર્દીઓ કોવિડ થયા પછી થતી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે.**



## નોન ઇન્ફેક્શિયસ કોમ્પ્લીકેશન્સ (બિન-ચેપી જટિલતાઓ

**લોન્ગ કોવિડ સિન્ડ્રોમ (લાંબા સમય સુધી કોરોનાના લક્ષણો અનુભવવા)**

ફેફસામાં સંક્રમણ ઓછું થયું હોવા છતાં ઘણા દર્દીઓ લાંબા સમય સુધી કોરોનાની અસર અનુભવતા હોય છે. લક્ષણો જેવાં કે લાંબા સમય સુધી તાવ રહેવો, થાક અનુભવવો અને નબળાઈ લાગવી વગેરેનો સમાવેશ થાય છે. આ સિન્ડ્રોમની અસર ૩ મહિના સુધી રહી શકે છે. જેમાં દર્દીને કોરોનાના લક્ષણોની અસર લાંબા સમય સુધી રહે છે અને તેમને એવું લાગ્યા કરે છે કે તેઓ સંપૂર્ણપણે સાજા થયા નથી.

**પોસ્ટ કોવિડ લંગ ફાઇબ્રોસિસ**

સામાન્ય રીતે ફેફસામાં નોંધપાત્ર અસર થઇ હોય એવા દર્દીઓમાં આ સમસ્યા જોવા મળે છે. લક્ષણો જેવા કે લાંબા સમય સુધી વેન્ટિલેટર અથવા ઓક્સિજન સપોર્ટની આવશ્યકતા હોય જેમાં દર્દીને સહાયક સારવાર માટે લાંબા સમય સુધી હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર પડે છે.

## સંક્રામક જટિલતાઓં

- ફેફસાના ચેપ
- રાઈનોસેરેબ્રલ મ્યુકોર્માઇકોસિસ
- અન્ય શરીરના અંગો સંબંધિત ચેપ જેવા કે  પેટ અથવા પેશાબમાં  લક્ષણો

**કોવિડ થયા પછીના દર્દીઓમાં સંક્રમણની ઘટનાઓ ઘણી વધારે જોવા મળે છે.**

આના કારણો  સ્ટેરોઇડનો ઉપયોગ, ઇમ્યુનોમોડ્યુલેટરી દવાઓ અને કોવિડના કારણે પ્રતિરક્ષા પ્રણાલીનું ખરાબ થવું છે. મ્યુકોર્માયકોસિસ જેવા ફંગલ ઇન્ફેક્શનની ઘટનાઓ ઘણી વધારે છે અને હવે દરેક વ્યક્તિ મ્યુકોર્મીકોસિસ વિશે જાણે છે. મ્યુકોર્માયકોસિસ સિવાય, એસ્પરગિલસ ફંગલ ઇન્ફેક્શન જેવા અન્ય ઘણા ફંગલ અને બેક્ટેરિયલ ચેપ સામાન્ય છે.

**સમયસર નિદાન અને સારવાર દર્દી માટે સૌથી મહત્વપૂર્ણ છે.**

Printed and Published by **DEVANG C. BHAVSAR** on behalf of **CIMS HOSPITAL PRIVATE LIMITED** and Printed at Hi-Scan Private Limited, 304, G.I.D.C. Estate, Sarkhej-Bavla Highway, Village - Changodar (Taluka – Sanand, Dist - Ahmedabad) and published from CIMS HOSPITAL PRIVATE LIMITED, Near Shukan Mall, Off Science City Road, Sola, AHMEDABAD - 380060. Editor - **DEVANG C. BHAVSAR.**



CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices